# Visit of Foreign Secretary to Europe

October 28, 2020

## વિદેશ સચિવની યુરોપની મુલાકાત

**ઓક્ટોબર**

વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલા 29 ઓક્ટોબરથી 04 નવેમ્બર 2020 સુધી ફ્રાન્સ, જર્મની અને યુકેની મુલાકાત લેશે તેવું નિર્ધારિત છે. ફ્રાન્સ જર્મની અને યુકે ભારતનાં વ્યૂહાત્મક ભાગીદારો છે અને એવા રાષ્ટ્રો છે જે ભારત સાથે નજીકનાં અને સુસ્થાપિત સંબંધો ધરાવે છે. દ્વિપક્ષીય જોડાણો બહુ-આયામી છે અને ઝડપથી વૃદ્ધિ પામી રહ્યા છે.

તેઓની મુલાકાત દરમિયાન, વિદેશ સચિવ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે અને પારસ્પરિક હિતની બાબતોની ચર્ચા કરશે અને તેનાં સમકક્ષો અને અન્ય મહત્વનાં વાતચીત કરનારાઓ સાથે ભારતીય દ્રષ્ટિકોણ રજૂ કરશે. તે આ દેશોમાં વ્યાપારીઓ, શિક્ષણવિદો, બુદ્ધિજીવીઓ અને મીડિયાનાં લોકો સાથે પણ સંવાદ કરશે. વિદેશ સચિવ પ્રવર્તમાન મહામારી અને તેનાં પરિણામોનો ઉકેલ મેળવવામાં આંતરરાષ્ટ્રિય સહકાર અંગે ચર્ચા કરશે.

ફ્રાન્સ, જર્મની અને યુકે સાથેનાં ભારતનાં સંબંધો એકસમાન લોકતાંત્રિક મૂલ્યોનાં પાયા પર નિર્માણ પામેલા છે અને સાતત્યપૂર્ણ વિકાસ અને આબોહવાનાં ફેરફાર જેવા મુદ્દાઓમાં સામાન્યતાઓ દ્વારા સૂચિત છે. ભારત આ દેશો સાથે ખુબ જ નોંધપાત્ર વ્યાપાર અને વાણિજ્યિક જોડાણો અને વિશાળ રોકાણ પ્રવાહો ધરાવે છે. ભારત વિવિધ મુદ્દાઓ પર બહુપક્ષીય અને બહુઆયામી મંચોમાં આ દેશો સાથે નજીકથી કાર્ય પણ કરે છે.

મજબૂત અને સુધારેલી બહુપક્ષીયતા જેની ભારતીય પ્રાધાન્યતાઓ, સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં તેનાં આગામી બિન-કાયમી કાર્યકાળ સહિતનાં તેની વ્યાપક બહુપક્ષીયતા અને બહુઆયામવાદ, અને મૂક્ત, ખુલ્લા અને સમાવેશક ઈન્ડો-પેસિફિક માટેની તેની પ્રતિબદ્ધતાઓની ચર્ચા કરવામાં આવશે.

વિદેશ સચિવની આ દેશોની મુલાકાત મહામારી દ્વારા ઉભી થયેલી મર્યાદાઓ હોવા છતા ભારતનાં સાતત્યપૂર્ણ આંતરરાષ્ટ્રિય જોડાણ અને રાજદ્વારી સંપર્કનો એક ભાગ છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 28, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.